તડકી-છાંયડી

# ચેલા ૮૫ના... ગુરુ ૪૫ના...

**જેને કંઈ કરવું હોય એને સમયકાળનાં કે ઉંમરનાં બંધન નડતાં નથી. જેને કંઈ કરવું નથી એને આ પૃથ્વી પરનાં બધાં બંધન નડે છે એ ઉક્તિનું જ્વલંત ઉદાહરણ છે પાલનપુરના કર્મયોગી ડૉ. વિક્રમ મણિભાઈ મહેતા.**

કેતન મિસ્ત્રી (મુંબઈ)

થોડા દિવસ પહેલાં મુંબઈમાં મોટી રાજકીય ઊથલપાથલ થઈ ત્યારે એ મહાનાટકના કેન્દ્રમાં હતા *રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી* (એનસીપી)ના સ્થાપક-પ્રમુખ શરદ પવારના ભત્રીજા અજિત પવાર. કાકા સામે બળવો પોકારી *ભારતીય જનતા પક્ષ* સાથે બેસી જનારા અજિતભાઉએ (શરદ પવારને) કહ્યું કે *તમે ૮૩ના થયા. જરા તો અટકો હવે.*

- તો શરદ પવારે કહ્યુંઃ 'ન તો હું ટાયર્ડ છું, ન રિટાયર્ડ છું... હું તો એક ફાયર છું.'

જો કે આપણે મહારાષ્ટ્રના રાજકારણની વાત કરવી નથી. આપણે વાત કરવી છે વહેતી થયેલી ચર્ચાનીઃ *રાજકારણ કે બીજાં ક્ષેત્રમાં નિવૃત્તિની કોઈ વય હોવી જોઈએ?* સાઠ વટાવ્યા બાદ સવારે બગીચામાં સમવયસ્કો સાથે કબજિયાતમાં ત્રિફળા બેટર કે ઈસબગુલ એની ચર્ચા કરવી? કે પછી શરીર-મન થાકે નહીં ત્યાં સુધી કામ કરવું? નવી પેઢીને અનુભવના ભાથામાંથી મૂલ્યવાન દિશાદર્શન કરવું? જેમ કે અજિત પવારનાં વ્યંગબાણનો શરદ પવારની પુત્રી સુપ્રિયા સુળેએ જવાબ આપતાં કહ્યું કે એવું જ હોય તો રતન ટાટા (૮૫), અમિતાભ બચ્ચન (૮૦), કોરોનાની વેક્સિન બનાવનારા, દુનિયાના સૌથી મોટા રસી ઉત્પાદક *સિરમ ઈન્સ્ટિટ્યૂટ*ના ચૅરમૅન-મૅનેજિંગ ડિરેક્ટર સાયરસ પૂનાવાલા (૮૨)નું શું?

બસ, વાત આ જ છેઃ એવા કર્મયોગી, જેમની ડિક્શનેરીમાં *ટાયર્ડ* કે *રિટાયર્ડ* જેવા શબ્દ જ નથી. એ તો બસ, સદાય વિવિધ પ્રવૃત્તિમાં વ્યસ્ત અને જીવનમાં મસ્ત રહે છે. આવા જ એક યુવાન વડીલનું નામ છેઃ ડૉ. વિક્રમ મણિભાઈ મહેતા.


આજથી ૪૦ વર્ષ પહેલાં વિક્રમભાઈએ પુણેની *સાવિત્રીબાઈ ફુલે યુનિવર્સિટી* (પહેલાંની *યુનિવર્સિટી ઑફ પુણે*)માંથી પ્રથમ *પીએચ.ડી.*ની ડિગ્રી ડૉ. એમ.એસ. ગોસાવીના માર્ગદર્શન હેઠળ મેળવી. ૨૦૧૮માં આ જ યુનિવર્સિટીમાંથી બીજી *પીએચ.ડી.*ની ડિગ્રી હાંસલ કરી, જેનો વિષય હતોઃ *સ્ટડી ઑફ ઍડ્મિનિસ્ટ્રેટિવ પ્રોબ્લેમ્સ ઑફ પબ્લિક ટ્રસ્ટ મૅનેજિંગ હેલ્થકૅર સેક્ટર ઈન ગુજરાત.* ડૉ. ચંદ્રકાંત રાવલના માર્ગદર્શન હેઠળ આ મહાનિબંધ માટે ડૉ. વિક્રમ મહેતાએ ગુજરાતની પચ્ચીસથી ૧૦૦ બેડની ધર્માદાની હૉસ્પિટલોને આવરી લીધી હતી.

- અને હવે જરા તમારો શ્વાસ થંભાવી રાખજોઃ ૮૫ વર્ષની વયે ડૉ. વિક્રમ મહેતા અત્યારે ત્રીજી *પીએચ.ડી.*ના ડિગ્રીવિષયક મહાનિબંધ પર કામ કરી રહ્યા છે. વિષય છેઃ *અ સ્ટડી ઑફ ઍડ્મિનિસ્ટ્રેટિવ પ્રોબ્લેમ્સ ઑફ પાંજરાપોળ મૅનેજ્ડ બાય પબ્લિક ટ્રસ્ટ્સ ઈન ગુજરાત.* આ માટે એમણે ઉત્તર અને દક્ષિણ ગુજરાતની સખાવતી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતી ૮૦ જેટલી પાંજરાપોળોને આવરી છે. એમના ગાઈડ ડૉ. પ્રશાંત સાઠેની વય છેઃ ૪૫ વર્ષ.

બીજી અને હાલ ત્રીજી *પીએચ.ડી.*ના ઍડ્મિશન માટે એમને ખાસ્સી માથાકૂટ થઈ છે. આનું કારણ એ કે *પુણે યુનિવર્સિટી*માં ૧૯૭૧ની સાલથી બધો રેકૉર્ડ કમ્પ્યુટરાઈઝ્ડ થયેલો છે, જ્યારે વિક્રમભાઈએ *એમ.કૉમ.* કર્યું હતું ૧૯૬૧માં એટલે ઍડ્મિશન માટે એમણે પુણે ધક્કા ખાવા પડ્યા. માંડ ઍડ્મિશન મળ્યું. જો કે એમણે તો ઍડ્મિશનની રાહ જોયા વિના એમનું રિસર્ચ આરંભી દીધેલું. રોજના લગભગ દસેક કલાક એ ત્રીજી *પીએચ.ડી.* ડિગ્રી માટે ફાળવે છે. ઑફિસમાં બેસીને ડિક્ટેશન આપે, જે કમ્પ્યુટર પર ટાઈપ થતું જાય. સાંજે ઘરે જતી વખતે પ્રિન્ટઆઉટ્સ લેવાના. મોડી રાત સુધી એ વાંચી સુધારા-વધારા કરે. ૨૦૨૪માં ત્રીજી ડૉક્ટરેટ મળી જવાનો એમને વિશ્વાસ છે.

વિક્રમભાઈનો જન્મ ૧૬ ઓગસ્ટ, ૧૯૩૮ના રોજ પાલનપુરમાં. એમના દાદા પીતાંબરભાઈ હાથીભાઈ મહેતા ગઈ સદીના નવાબ શેરમહમ્મદ ખાનના શાસનકાળમાં દીવાન હતા, જ્યારે પિતા મણિભાઈ પીતાંબરભાઈ મહેતા પાલનપુર રાજ્યનાં વરિષ્ઠ બેગમ સાહેબા સુખાબાઈના કારભારી હતા. ગરીબોના બેલી એવા મણિભાઈએ ૧૯૩૪માં પાલનપુરની મોટી બજારમાં ગરીબજનો માટે હેન્ડપમ્પ મુકાવેલો આથી એ *પમ્પવાળા સાહેબ* તરીકે ઓળખાતા.

૧૯૫૪માં મૅટ્રિક પાસ કરીને વિક્રમભાઈ પુણે ભણવા ગયા. એક રસપ્રદ વાત એ કે ૧૯૨૦ના દાયકાથી પાલનપુર-પુણેનું એક વિશિષ્ટ કનેક્શન છે. આજથી સોએક વર્ષ પહેલાં પાલનપુરના અનેક તેજસ્વી યુવાનોએ પુણેની ફર્ગ્યુસન લૉ કૉલેજમાં કાયદો ભણીને બાહોશ વકીલ તરીકે ખ્યાતિ મેળવેલી. વિક્રમભાઈના મોટા ભાઈ સ્વર્ગીય ડૉ. મહેન્દ્ર મહેતા મુંબઈના પ્રતિષ્ઠિત ઈએનટી



દીપક ધુરી

## તડકી-છાંયડી

સર્જન હતા ને એ પણ પુણેની ડેક્કન એજ્યુકેશન સોસાયટીમાં જ ભણેલા, જ્યારે વચલા સુરેશ મહેતા પણ પુણેમાં એમ.કોમ., એલએલબી થયા.

૧૯૬૧માં એમ.કોમ. થયા બાદ વિક્રમભાઈએ મુંબઈમાં સુરેશભાઈ સાથે પોતાની એન્જિનિયરિંગ ફેક્ટરી ૨૦૦૨ સુધી સંભાળી. જો કે એ પહેલાં એ પોતાની જ કોલેજ હૉસ્ટેલમાં બે વર્ષ સુપરિન્ટેન્ડેન્ટ તરીકે રહ્યા. એ વખતે એમનાથી બે વર્ષ જુનિયર એવા શરદ પવાર એ જ હૉસ્ટેલમાં રહીને ભણતા. આ ઉપરાંત, ૨૭ વર્ષ સુધી એ નાશિકની જેડીસી બાયટકો ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ સ્ટડીઝમાં એમબીએ કોર્સના વિઝિટિંગ પ્રોફેસર રહ્યા. મહારાષ્ટ્ર સરકાર માટે મટીરિયલ મૅનેજમેન્ટ પર પુસ્તકો તથા અનેક અખબાર, જર્નલ્સમાં મટીરિયલ મૅનેજમેન્ટ, બાયર, પરચેઝિંગ વિષયક અભ્યાસપૂર્ણ લેખો લખ્યા.

એ કહે છેઃ 'હું ભણતો ત્યારે બી.કૉમ., એમ.કૉમ.ની ફીમાં સ્કૉલરશિપ મળેલી. ૧૧૦ રૂપિયા હૉસ્ટેલના. ચાનું બિલ આવતું મહિનાના અઢી રૂપિયા અને જમવાનું મન્થલી બિલઃ ૩૯ રૂપિયા.'



**પુણેની 'ડેક્કન એજ્યુકેશન સોસાયટી'માં વિક્રમભાઈ ભણ્યા, ભણાવ્યું, ડૉક્ટરેટની ડિગ્રી મેળવી તથા કંઈકેટલીય શૈક્ષણિક પ્રવૃત્તિ કરી.**

એ દિવસો યાદ કરતાં વિક્રમભાઈ કહે છેઃ 'તે વખતે કૉલેજમાં અમારી વાતચીતના વિષય કેવા રહેતાઃ *વાડીલાલ ડગલીનો કૉમર્સમાં આવેલો લેખ વાંચ્યો? પુ.લ. દેશપાંડેનું નવું નાટક વાંચ્યું? અર્થતંત્રનાં વર્તમાન-ભાવિ વિશે જે.આર.ડી. ટાટાના વિચાર જાણ્યા?* વગેરે. આડીટેઢી કોઈ વાત જ નહીં.

પછી એ ઉમેરે છેઃ 'મારા શિક્ષક, પ્રશિક્ષક, અધ્યાપકો પાસેથી મેં એટલું જ્ઞાન મેળવ્યું છે, જેની કોઈ તુલના કરી શકે નહીં. આથી જ મેં મારા તમામ ગુરુ જ નહીં, પણ લાઈબ્રેરિયન અને પીટી ઈન્સ્ટ્રક્ટરનાં નામો પર બી.કૉમ.ના તેજસ્વી વિદ્યાર્થીઓને રોકડ ઈનામ એનાયત કર્યાં છે. દાખલા તરીકે, *પી.ડી. કુલકર્ણી પીટી ટીચર પ્રાઈઝ.*'

વિક્રમભાઈનો વિદ્યા અને વિદ્યાગુરુઓ માટેનો પ્રેમ-આદરનો આ કિસ્સો જુઓઃ થોડાં વર્ષ પહેલાં *ડેક્કન એજ્યુકેશન સોસાયટી* એક નવી વિંગ બાંધી રહી હતી ત્યારે વિક્રમભાઈએ સંચાલકોને વિનંતી કરી કે આ વિંગને પ્રોફેસર એસ.એસ. મોરટેશ્વર *વિંગ* નામ મળે એ માટે પોતે દાન આપવા તૈયાર છે. સંચાલકોએ એમની વિનંતી સ્વીકારી. પ્રોફેસરનું તો જો કે ઘણાં વર્ષ પહેલાં અવસાન થઈ ગયેલું. એમના પુત્ર પણ મુંબઈમાં લાર્સન ઍન્ડ ટુબ્રોના વડા પદ પરથી નિવૃત્ત થઈને પુણેમાં વસતા હતા. એમને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે એમની આંખોમાં આંસુ આવી ગયાં.

સદા સ્ફૂર્તિવાન રહેતા ડૉ. વિક્રમ મહેતા શિસ્તમય જીવન જીવે છે. અનેક વખત લાંબી મુસાફરી કરે છે. નાશિક, પુણેમાં ૯૦ વટાવી ગયેલા ભૂતપૂર્વ શિક્ષકો, પ્રોફેસરોને મળવા જાય છે, જેમ કે પુણેની પોતાની કૉલેજમાં જાય, જે પ્રિન્સિપાલ હોય એમને મળે, પ્રિન્સિપાલ ચા મગાવે, ચાની ચૂસકી ભરતાં ભરતાં એ પોતાનો પરિચય આપે, કૉલેજ વિશેની જૂની યાદો વાગોળે.

૮૫ વર્ષના સ્ટુડન્ટ ડૉ. વિક્રમ મહેતા હાર્ટ પેશન્ટ છે, ચાર સ્ટેન્ટ મૂકેલા છે, ફેફસાંનો એવો રોગ છે, જેનો ઉપચાર નથી, રોજની ૨૭ ગોળી ગળે છે છતાં સતત પ્રવૃત્તિમય રહે છે. પાલનપુરની એક ડઝનથી વધુ સંસ્થાના એ ટ્રસ્ટીપદે છે. પાલનપુરની *વિદ્યા મંદિર શાળા અને કૉલેજ,* જે પહેલી એવી ઉચ્ચ શિક્ષણસંસ્થા હશે જ્યાં મૂક-બધિર, માનસિક-શારીરિક દિવ્યાંગો બી.એડ., એમ.એડ. કરી શકે એવી વ્યવસ્થા છે અને બ્લાઈન્ડ સ્ટુડન્ટ્સ નૉર્મલ સ્ટુડન્ટ્સ સાથે જ ભણે છે.

આટલી પ્રવૃત્તિ વચ્ચે પણ દરરોજ સવારે દસ વાગ્યે એ મુંબઈમાં ઑફિસે પહોંચી જાય છે. એ કહે છેઃ 'હું ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતો એક નૉન-ડાયમંડ પર્સન છું. અમારું જેમ ઍન્ડ જ્વેલરી *નૅશનલ રિલીફ ફાઉન્ડેશન* કુદરતી આફતમાં સપડાયેલા ભારતના કોઈ પણ વિસ્તારમાં તાત્કાલિક સહાય પહોંચાડે છે.'

બે પુત્ર, એક પુત્રી તથા પ્રપૌત્રોના અપાર સ્નેહ સાથે વાર્ધક્યની વાડીમાં રહેતા વિક્રમભાઈ વિદેશમાં વસતા પ્રપૌત્રોને પાલનપુર લઈ જઈ એમનાં મૂળિયાં સાથે પરિચય કરાવે છે. વિવિધ વિસ્તાર, સ્થાપત્યો બતાવે છે-એની સમજ આપે છે. આંખોમાં અનેરી ચમક સાથે એ કહે છેઃ

'ભઈ, ભરપૂર જીવ્યો છું, અડીખમ જીવ્યો છું. આજે જીવનમાં હું જે કંઈ છું એ શિક્ષણ થકી. વિદ્યા પામવાનો એ કાળ જ જુદો હતો. ગુરુઓ ઉપરાંત મારા વિદ્યાર્થીઓએ પણ મને ઘણું આપ્યું છે. એકાદ કિસ્સો કહું તો, હીરા ઉદ્યોગના માંધાતા કીર્તિલાલ મણિલાલ મહેતાની ૭૫મી વર્ષગાંઠની મુંબઈમાં ઉજવણી થવાની હતી ત્યારે એ કાર્યક્રમ માટે લતા મંગેશકર સાથે બધું નક્કી કરવાની જવાબદારી મારી હતી. એમણે અમુક શ્લોકનું ગેયમાં પઠન કરવાનું હતું. ઉજવણીના થોડા દિવસ પહેલાં હું નિયત સમયે એમના નિવાસસ્થાને પહોંચ્યો, પણ એ એમના રૂમમાંથી બહાર આવે જ નહીં. હું મૂંઝાયો. ત્યાં એક યુવાન રૂમમાં દાખલ થયો. મને જોતાંવેંત મારા પગમાં પડી ગયો. એ નાશિકમાં મારો વિદ્યાર્થી હતો અને સફળ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની રૂએ લતાજીનો આર્થિક વ્યવહાર સંભાળતો. મેં એને મારી મુશ્કેલી જણાવી. ગણતરીની પળોમાં જ એ લતાજીને લઈ આવ્યો. અમે લાંબી ચર્ચા કરી, નિયત સમયે એ આવ્યાં ને જેમ નક્કી થયેલું એમ શ્લોક ગાઈને, સૌને મળીને વિદાય લીધી.'

વિક્રમભાઈ ઉમેરે છેઃ 'અમારી ફેક્ટરી ચાલતી ત્યારે કામસર હું *કિર્લોસ્કર,* મહિન્દ્ર ઍન્ડ મહિન્દ્ર, લાર્સન ઍન્ડ ટુબ્રો, સિમેન્સ જેવી કંપનીઓમાં જતો તો કોઈ ને કોઈ ભૂતપૂર્વ વિદ્યાર્થી મળી જતા, ભરવરસાદમાં છેક ગેટ સુધી મૂકવા આવતા.'

આવું એક દૃષ્ટાંતરૂપ જીવન જીવનારાને છેલ્લો સવાલ પૂછવાનું મન તો થાય... તમારાથી બે વર્ષ જુનિયર એવા શરદ પવાર જોડે અત્યારે કોઈ *સંપર્ક ખરા?*

સવાલ સાંભળી મીઠું મલકતાં વિક્રમભાઈ કહેઃ 'એ કહાણી ફરી ક્યારેક.' ◻